નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૦૦૬
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, ગાંધીનગર.
તા.૨૧-૦૬-૨૦૨૦.

# // પરિપત્ર //

**વિષય: નિગમ દ્વારા જુદી જુદી યોજના અન્વયે ફાળવેલ ઔદ્યોગિક પ્લોટ / શેડ / રહેણાંક પ્લોટ / આવાસો/ વાણિજ્ય પ્લોટ / મિલકતો વિગેરેના વ્યાજના દરમાં સુધારણા બાબત...**

**સંદર્ભ: (૧) પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/એકા/૩૧/૪૨૪/૯૪ તા.૦૪/૦૪/૯૪**
**(૨) પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૪૦ તા.૦૩/૧૦/૨૦૧૨**
**(૩) પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૧૮ તા.૨૪/૦૬/૨૦૧૯**
**(૪) સરક્યુલર એજંડા તથા ઠરાવ તા: ૧૬/૦૬/૨૦૨૦**
**(૫) નાણા વિભાગ, ગુજરાત સરકારનો ઠરાવ ક્રમાંક: અપબ/૧૦૨૦૨૦/૧૦૮/૧૯૫૨૨૪/ક તા: ૦૫/૦૬/૨૦૨૦**

નિગમના ઉપરોક્ત પરિપત્રોના સંદર્ભમાં જુદી જુદી વસાહતોના વ્યાજના દરોમાં વખતો વખત ફેરફાર કરવામાં આવેલ છે. સંદર્ભ: ૩ ના પરિપત્રથી આ દર વાર્ષિક ૧૨.૦૦% મુજબ તા.૦૧/૦૬/૨૦૧૯ થી અમલમાં છે.

વૈશ્વિક મહામારી કોવિડ-૧૯ની વિકટ પરિસ્થિતિમાં રાજ્યની વિકાસની ગતિ જળવાઈ રહે તે માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ગુજરાત આત્મનિર્ભર પેકેજ નાણાવિભાગના ઠરાવ ક્રમાંક:અપબ/૧૦૨૦૨૦/૧૦૮/૧૯૫૨૨૪/ક તા.૦૫/૦૬/૨૦૨૦થી જાહેર કરેલ છે જેની જોગવાઈ અનુસાર નિગમ દ્વારા ઉદ્યોગોને આર્થિક પ્રોત્સાહન અને વહીવટી સરળતા પુરી પાડવા કરેલ નિર્ણયો અંતર્ગત નિગમ દ્વારા હાલના વ્યાજ દરને ૧૨% થી ઘટાડીને ૧૦% કરવામાં આવશે તેવી જોગવાઈ કરવામા આવેલ છે.

આમ, ઉપરોક્ત વિગતે નાણાંકીય વર્ષ: ૨૦૨૦-૨૧ના વ્યાજના દરની સમીક્ષા કરવા નિગમ દ્વારા તા.૧૬/૦૬/૨૦૨૦ ના રોજ સર્ક્યુલર કાર્યસુચિ થી ઠરાવવામાં આવ્યા મુજબ નાણાંકીય વર્ષ:૨૦૨૦-૨૧ દરમિયાન ફાળવવામાં આવનાર તમામ મિલકતો જેવી કે, ઔદ્યોગિક પ્લોટ, ઔદ્યોગિક શેડ, રહેણાંક પ્લોટ / રહેણાંક ક્વાર્ટર, વાણિજ્યપ્લોટ, વણિજ્ય બાંધકામ તથા અન્ય સુવિધાઓ માટેના મકાનો વિગેરેની બાકી રકમો ઉપર વસુલવામાં આવતો વ્યાજનો દર નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

(૧) રાષ્ટ્રીયકૃત તેમજ ખાનગી બેંકો દ્વારા નિયત કરવામાં આવતા ધીરાણના દરો, નિગમ દ્વારા અગાઉ નિયત કરેલ દરો વગેરે બાબતો વિચારણામાં લઈને નિગમના નિયામક મંડળની મંજુરી અનુસાર નાણાંકીય વર્ષ: ૨૦૨૦-૨૧ નો નિગમનો વ્યાજ દર ૧૦% (દસ ટકા) નક્કી કરવામા આવે છે.

(૨) વધુમાં, નિગમની તા.૨૯/૦૯/૨૦૧૨ના રોજ મળેલ ૪૬૮ મી સામાન્ય સભાના ઠરાવ ક્રમાંક:૧૪૩/ હિસાબ/૪૬૮/૨૦૧૨ થી તેમજ પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૪૦ તા.૦૩/૧૦/૨૦૧૨ થી નિયત કરેલ કાર્યપદ્ધતિ /નીતિ મુજબ ફાળવવામાં આવેલ / આવનાર મિલકતોમાં ફાળવણીદારો દ્વારા ડાઉન પેમેન્ટ પેટેની રકમ ભરપાઈ કર્યાબાદ બાકી રહેતી મુડી ઉપર ફાળવણીની તારીખે જી.આઈ.ડી.સી. દ્વારા નિયત કરાયેલ વ્યાજનો જે દર અમલમાં હોય તે દર તમામ હપ્તા દરમિયાન કાયમી રાખવાના રહેશે.

ઉપરોક્ત પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવો અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ પાઠવવી.

**સહી/-**
**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી**
**જી.આઈ.ડી.સી., ગાંધીનગર.**

પ્રતિ,

(૧) નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રી, તમામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન તરફ....... જાણ સારૂ.

(૩) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન તરફ....... જાણ સારૂ.

(૪) મેનેજર (એસ એન્ડ એ), જી.આઈ.ડી.સી., ગાંધીનગર તરફ જાણ સારૂ તેમજ નિગમની વેબસાઈટ ઉપર પ્રદર્શિત કરવા સારૂ.

રવાના કર્યુ,

**મેનેજર(મહેકમ),**
**જી.આઈ.ડી.સી., ગાંધીનગર.**